SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# લોકસંસ્કૃતિ અને ઈતિહાસને પાને વીર મેઘમાયો

ડૉ. દક્ષા કે. મહિડા

ગુજરાતી લોકકથાઓનો અભ્યાસ શરૂ થયો લગભગ ૧૮૫૦ બાદ. તેમાં પહેલ કરી પારસી કવિ રૂસ્તમ ખુરશેદે. જેમ્સ બર્ગેસ નામના અંગ્રેજ વિદ્વાને પણ ગુજરાતની લોકકથાઓમાં રસ લીધો. ડૉ. શ્રીવાસ્તવે 'Folk Culture and Oral Tradition' નામનો શોધનિબંધ રજૂ કર્યો. શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી દુલેરાય કારાણી, શ્રી પુષ્કર ચંદરવાકર ઇત્યાદિએ પછી લોકસાહિત્યની અભિરુચિની ક્ષિતિજો વિસ્તારી.

ઇતિહાસવિદ્ ડો. ભોગીલાલ સાંડેસરા લખે છે : 'ઇતિહાસનાં સાધનો અનેકવિધ હોય છે, એમાં સૌથી મહત્ત્વનું અને મોટું સાધન સાહિત્ય છે. સાહિત્યના ઉપાદાનરૂપ ભાષા અને તેના પ્રયોગો,જેને આધારે ભાષાશ્રયી પુરાતત્ત્વ Linguistic Palaenotologyનું શાસ્ત્ર રચાયું છે. તે પણ સાંસ્કૃતિક ઇતિહાસનું એક અગત્યનું સાધન છે. સાહિત્ય કોઈ સમય કે યુગમાં રચાયેલું હોય છે. આથી સાહિત્ય પ્રાયઃ એ સમય ઉપર પ્રકાશ પાડે છે અને એ સમય કે યુગનો અભ્યાસ સાહિત્યને સમજવામાં ઉપકારક થાય છે. જીવનને જુદી જુદી દૃષ્ટિએ સ્પર્શતા ઈતિહાસ અને સાહિત્ય જેવા બે મહાન વિષયો આ પ્રકારના અધ્યયનમાં અમુક કોટિએ જાણે કે એકતા પામી જાય છે.'૧

ડૉ. ભોગીલાલ સાંડેસરાના વિદ્વતાપૂર્ણ અનુભવમાં નમ્રતાપૂર્વક એટલો જ ઉમેરો કરવાનો કે કોઈપણ યુગના ભૂતકાળને શક્ય એટલો દર્શનાત્મક તથા વાસ્તવિક રીતે જોવો હોય તો એની પૂર્તિ અર્થે પ્રત્યક્ષ ઉપલબ્ધ દૃશ્ય-શ્રાવ્ય સામગ્રી અને જે-તે સમયને લગતા લોકસાહિત્યનું અનુશીલન તેની ઉપર વધારેમાં વધારે પ્રકાશ પાડી શકે.

અહીં માયો, જશમા, સહસ્રલિંગ અને સિદ્ધરાજ લોકહૈયામાં- એમના શ્વાસોચ્છ્વાસમાં વણાઈ સ્વાભાવિક રીતે લોકગીતો અને સંગીતમાં જે રીતે પ્રગટ થયાં છે, તેવાં પાત્રો ઇતિહાસમાં જવલ્લે જ જોવા મળશે. 'સિદ્ધરાજ જયસિંહના જવલંત ઇતિહાસની તેજછાયામાં અનેક લોકકથાઓ તેના જીવનમાં સારાનરસાં પાસાંને સાચવી રાખે છે. સહસ્રલિંગ તળાવની સુંદર ઉપયોગી એવી શિલ્પકૃતિ પાટણના આજના ખંડિયેરની પણ શોભારૂપ ગણવા જેવી છે. ખોદકામમાંથી ખુલ્લા થયેલા કલા-વૈભવવાળા ભાગને, કોઈ કરામતથી એ પ્રાચીન કાળની જાહોજલાલી કહેવાની વાચા ફૂટે, તો એ અનેક વાતો પટ્ટણીઓના જીવનસંબંધી કહી નાખે, એવી કલ્પનામાત્ર આપણને તેને માટેનો અહોભાવ જાગ્રત કરે છે. 'સહસ્રલિંગના સર્જનની સાથે 'જશમા અને માયા'ની લોકકથાઓ એવી કરુણતાથી વણાઈ ગઈ છે કે એ લોકવર્ગના વિજયમાં ગુર્જરેશ્વરની કીર્તિનું કલંક જાણે ચિરંજીવ બની ગયું છે.' ર

માયો, સધરા જેસંગ, જશમા ઓડણ આ બધાં પાત્રો હજાર હજાર વર્ષથી ગુજરાતના હરેક જનના હૃદયમાં ઉજ્જવળ રીતે રમી રહેલાં પાત્રો છે. ભલે એ કિંવદંતી હોય, પણ એ પણ એક ઇતિહાસ છે; અને એ કોણ નથી જાણતું કે કિંવદંતીઓ અને લોકકથાઓથી જ ઇતિહાસ રચાય છે, ઇતિહાસ લખાય છે. ઇતિહાસ ત્યારે જ સચવાય છે કે જયારે એ કિંવદંતીઓ, લોકકથાઓ, લોકગાથાઓ કે લોકગીતો જનજનનાં હૈયામાં અને ગળામાં સંગ્રહાયાં હોય.

'જશમા ઓડણનો ગરબો એ લોકહૈયે સંગ્રહાયેલું લોકગીત છે.' સધરા જેશંગ, રાણકદેવી, જશમા, મુંજાલ, મિનલ આ બધાં ગુજરાતની પ્રજાના હૈયામાં વસેલાં અને રમતાં માનીતાં પાત્રો છે. વિદ્વાનો ભલે એને ઈતિહાસ તરીકે ન સ્વીકારે, પણ એમની એ સ્વીકાર-અસ્વીકારની વાત લોકહૈયામાંથી એ પાત્રોને કાઢી શકવાની નથી અને ત્યાં સુધી માયો પણ લોકહૃદયે જડાયેલો એક મહામાનવ છે. એની ભોગ-તત્પરતાની વૃત્તિએ સિદ્ધરાજે લાખોના ખર્ચે બંધાવેલા સહસ્રલિંગ સરોવરમાં પાણી આવ્યું, લોકો એ કેમ ભૂલી શકે ?

'પાણી વિના ટળવળતી પાટણની એ પ્રજા અને રાજા માયાની મહાનતાને કેમ વીસરી શકે? એ સહસ્રલિંગ સરોવરનાં જળ એ સમયે જેણે જેણે પીધાં હશે, એમના આત્માની સંતૃપ્તિ થઈ હશે અને જેને જેને એ સંતૃપ્તિ થઈ હશે તે તે માનવી નાનામાંથી મોટા થઈ ગયેલા એ મહામાનવ માયાને કેવી રીતે વીસરી શકે ? વિદ્વાનો ભલે એનો ઇતિહાસ ન ભાખે, પણ એ માયો આજે પણ સવર્ણ- અવર્ણ એવા જનજનનાં હૈયામાં જીવતો બેઠેલો છે. એનાં મૂલ્યો હજારો વર્ષો સુધી અંકાયેલાં જ રહેશે.' ૩

## લોકમુખે વિરમાયો :

કંઠસ્થ મળી આવેલ કેટલાક રાસ, ગરબા, પદ, પંદર તિથિઓનું ગીત, છપ્પા, સોરઠા અને એક અર્વાચીન માયાવેલ માં ગ્રંથસ્થ રીતે સાહિત્યમાં જોવા મળે છે. તેમાનું કેટલુંક અહીં મુકી રહી છું.

**છપ્પા**

[ઝૂલણા છંદનો લય]

*પાટણ શહેરને પ્રથમ વખાણિયે*
*જૂની ગુજરાતની ભોમ જાણી,*
*સાક્ષાત સાળવો ત્યાં હોમાણો*
*સૂતો દાતાર એ સોડ તાણી*
*પાટણ સાંભળતાં માયો સાંભળે*
*અહો દાનેશ્વરી કરણ એવો,*
*કાયા દીધી એણે દેશને દાનમાં*
*મહિપત નહિ કોઈ માયા જેવો.*

*

**સોરઠો**

*માયા તારા વંશમાં,*
*જાયા અપરંપાર પણ તું પેઠે મરનાર,*
*મીટે નાવે માયવા. —૧*

અને—

*શોધો સહસ્રલિંગના ખૂણે ખૂણા બધા,*
*માયાતણાં હોમાયેલાં હાડકાં મળી જશે.*

'માયાવેલ'માં માયાના બલિદાનની સાલ નોંધતાં કવિ કહે છે :

"સવંત અગિયારો, ચોરણુની સાલમાં અજવાળી સાતમને માઘ માસે— અણહિલપુર પાટણે હોમાણો માયવો સરવર છલકાણાં લેંગ માથે."

એટલે કે માયાનું બલિદાન અપાયું ત્યારે ૧૧૯૪ની સાલમાં 'માયાવેલ'નો રચયિતા કવિ જીવિત હોવો જોઈએ, પછી તે ગીત પરંપરાગત કંઠસ્થ સચવાયાને કારણે તેના અસલ રૂપમાંથી સમય પ્રમાણે ફેરફાર પામતી લોકબોલીમાં રૂપાંતરિત થતાં એમાં, અને એના લયમાં સ્વાભાવિક ફેરફારો થતા જ રહ્યા, અને આખરે એણે આજની ઉત્તર ગુજરાતની તળપદી બોલીનું સ્થાન લઈ લીધું.

ડો.નાથાલાલ ગોહિલ 'ગુજરાતની આંતરચેતના (ભાગ - ૨) માં નોંધે છે કે, વીર મેઘમાયો બત્રીશલક્ષણો મેઘવાળ યુવાન છે. તેનું બલિદાન આપવાનું નિશ્ચિત થયું. રાજસત્તા પાસે અછૂતનું શું આવે ? સાર્થોસાથે લાલચો આપવામાં આવી હશે ત્યારે આ વીર મેઘમાયાએ સિદ્ધરાજ જયસિંહ પાસે પોતાના બલિદાનના બદલામાં અછૂતોની આભડછેટ દૂર થાય તે માટે માંગ્યું કે –

૧. અછૂતો સીમાડે રહે છે તેને ગામ, નગરમાં વસવાટ આપવો.

૨. અછૂતોને મોઢે ફૂલડી કે મરેલા ઢોરનું શિંગડું થૂંકવા રાખવું પડતું ને તેનાં પગલાં ભૂંસવા ઝાંખરું બંધાતું તે છોડાવો.

૩. નગર કે ગામમાં અછૂતો આવી જઈ શકે ને પોશ.... પોશ... ન બોલવું પડે તેમ કરો.

૪. અછૂતોને તેમને આંગણે તુલસીક્યારો ને ફળિયામાં પીપળો રોપવાનો અધિકાર આપો.

૫. અછૂતોની ધાર્મિક વિધિ ને બિરદાવલી કરે તેવા ગોર, ગુરુ ને ગોળિયા આપો.

આ માંગણીઓ આજે અછૂત સમાજના બારોટો નીચે પ્રમાણે બોલે છે.

*'કર માયા ઓતમની ચાલ તો તુલસા ને પીપળો અમને આપ,*
*કર માયા ઓતમની ચાલ તો ફૂલડી ને ઝાંખરું અમને ટાળ.*
*કર માયા ઓતમની ચાલ તો ગોર ને ગોળિયો અમને આલ.*
*કર માયા ઓતમની ચાલ તો ગાય ને ગુરુ અમને આપ..*
*કર માયા ઓતમની ચાલ તો અજીયાનું દૂજાણું આંગણેથી ટાળ.!'*

આ માંગણીઓ સિદ્ધરાજે સ્વીકારી ને અમલવારી કરવાનું વચન આપ્યું. અછૂતોની આભડછેટ નિવારવા, દલિતોના ઉદ્ધાર માટે વિક્રમ સંવત ૧૧૯૪ અજવાળી. સાતમના દિવસે અણહિલપુર પાટણના સહસલિંગ તળાવ વચ્ચે વીર મેઘમાયાએ પોતાનું બલિદાન આપ્યું. આ સ્થાન માયા ટિંબા નામે ઓળખાય છે. માયાના બલિદાનની અમરસ્મૃતિ જળવાય તે માટે સિદ્ધરાજે સ્મારક બંધાવ્યું. આજે ત્યાં મેઘમાયાની ડેરી છે ત્યાં સરકારે એકાવન એકર જમીન ફાળવી વિશાળ સ્મારક બનાવવાનું ધાર્યું છે ને આ સ્થળે માઘમાસની અજવાળી સાતમનો મેઘવાળોનો મેળો ભરાય છે જે મેઘમાયાના રાસડા, ગીત, બિરદાવલી બોલી, પૂજાપાઠ કરી શ્રદ્ધાંજલિ અર્પે છે. આમ અછૂતોની આભડછેટ દૂર કરવા માટે પોતાનું બલિદાન આપનાર વીરમાયાને વંદના. દલપત શ્રીમાળી 'હરિજન સંત અને લોકસાહિત્ય' માં નોંધે છે કે, "ઇતિહાસ એ કાલ્પનિક કથાવસ્તુ નથી. સોલંકી યુગના ઇતિહાસમાંથી સતી જશમાનો શાપ અને અંત્યજ માયાના બલિદાનને કાઢી નાખવામાં આવે તો એ વિકૃત કરેલી સોલંકી યુગની દંતકથા હશે, ઇતિહાસ નહીં. ઇતિહાસની મારી અનેક ચકાસણીઓમાંથી જશમા અને માયો પાર ઊતર્યાં છે. માયાનું બલિદાન સત્ય છે અને તે વડોદરા રાજ્યના ઇતિહાસમાં જેમ છે તેમ જ રહેશે અને ભણાવાશે.'૪

**લોકમુખે જશમા :**

ઉપરાંત લોકકવિઓનાં લોકગીતોમાં, દેશી નાટકકારોની ભવાઈમાં, તથ સમય જતાં ચલચિત્રો અને સિનેસૃષ્ટિમાં જશમાં એવી અદ્ભુત રીતે વણાઈ ગઈ છે કે, સાક્ષાત્ કાળ પણ તેને જનહૈયામાંથી ભૂંસી શકવા સમર્થ રહ્યો નથી..

**દુહો**

*મોતી જેવું મુખડું એના હીંગોળ જેવા હાથ,*
*પંડનું બનાવેલ પૂતળું જે દિ' નવરો દીનોનાથ -૧*
*પદમણી પૂરણ માણ, સતી શિરોમણી સાધવી,*
*એવી જશમા ચતુર સુજાણ, એનાં લાખે લેખાં નહીં -૨*
*આ ઉપરાંત રાસડો પણ લોકમુખે ગવાય છે.*

ઈતિહાસકારો ને એ ખબર નથી કે સંવત ૮૦૨ (ઈ.સ.૭૪૬) માં જેણે પાટણ વસાવ્યું તે રાજવી વનરાજ ચાવડા વિશે પણ જયારે ઇતિહાસમાં સમકાલીન તો શું પણ તે પછી ચારસો વર્ષ સુધી એના વિશે નોંધાયેલો કોઈ પુરાવો મળતો ન હોય ત્યારે 'જશમા' અને 'માયો' એ તો સામાન્ય કોટિનાં, શ્રમજીવી વર્ગનાં હોવા છતાં, તેમના ભોગ અને બલિદાને જાત-પાતના ભેદભાવો સિવાય લોકહૈયામાં આદરનું સ્થાન મેળવ્યું, એટલું જ નહીં અનુશ્રુતિમાં તેમના વિશે લાગણીસભર અનેક પરંપરાઓ સર્જાતી રહી અને પછી તો લોકહૈયામાંથી ફૂટી નીકળેલી સાહિત્યની સરવાણીઓ કોઈની રોકી રોકાઈ છે ખરી ? આ લોકમુખે વહેલી કંઠસ્થ થયેલી આ લોકગીત સ્વરૂપે પ્રગટેલી વાણીમાં જ સાચો ઈતિહાસ છુપાયેલો હોય છે. અને એટલે જ વિરમાયો અને જસમાં આજેય જીવિત રહ્યા છે.

'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ'ના લેખક શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે : 'મેં જાતે દંતકથા સીધી રીતે મેળવવાનો પ્રયાસ કર્યો નથી. 'રાસમાળ' આદિમાં જે દંતકથા સંગ્રહિત અને પ્રકાશિત થયેલ છે તેનો જ ઉપયોગ કર્યો છે.' વધુમાં ઇતિહાસકારો બે વસ્તુ ભૂલ્યા છે.તેમાં એક તો : લોકવાયકા રાણકદેવી, સહસ્રલિંગ, જશમા અને માયો. લોકોના શ્વાસોચ્છ્વાસમાં કેવાં વણાયેલાં પાત્રો છે આ બધાં! કદાચ પૃથ્વીના પડ ઉપરની વસ્તુ ભૂંસાય, પણ લોકજીભે ચડેલો આ ઇતિહાસ કોઈ કાળે કદી ભૂંસાવાનો નથી, એ સામાન્ય સત્ય તેઓ વીસરી ગયા છે. બેઃ ઇતિહાસ એટલે મનુષ્યે શું કર્યું એટલું જ નહીં, પરંતુ એણે શી રીતે કર્યું, એ સઘળી હકીકત એના અનેકવિધ ગુપ્ત ભંડારોમાં સંઘરી રાખે છે, અહીં એ ભંડાર કાળે કરીને ખુલ્લો થતો આપણે જોઈએ છીએ.

વધુમાં જશમા અને માયાની કથા તે સમયની સામાજિક અને ઐતિહાસિક વાસ્તવિકતા તરફ અંગુલિનિર્દેશ કરે છે,જેને ઇતિહાસકારોએ સતત ઢાંકવા પ્રયત્ન કર્યો છે અને તે છે -

૧.કલંકિત વારસો

૨.નરબલી

૩.હેમચંદ્રસૂરીના 'દ્વયાશ્રય 'માં વણાયેલો 'નરમેધ'.

દલપત શ્રીમાળી 'હરિજન સંત અને લોકસાહિત્ય '(કંઠસ્થથી ગ્રંથસ્થ) માં કેટલાક પુરાવાઓ આપી આ ઇતિહાસને આપણે આગળ જોયું તેમ સોલંકીકાલીન સંસ્કૃતિના સમયગાળાનાં અનેક કાવ્યોમાં તત્કાલીન, માનવજીવન, સમાજ, દેશ-કાળ, ધર્મ અને ધર્મને નામે થતા યજ્ઞોમાં 'નરમેધ', લોકગીતો, પ્રાચીન ભજનો-કવિતો તથા 'પ્રબંધોમાં" ગ્રંથસ્થ થયેલો જોવા મળે છે.

કહેવાય છે કે : 'ઇતિહાસ સાથે રમત કરાતી નથી.' એ સત્ય સાબિત કરવા, સમય પાકે છે ત્યારે કુદરત કાંઈ ને કાંઈ કરામત કરે છે. એ ન્યાયે આજે ઇતિહાસ જાતે આળસ મરડી બેઠો થાય છે, માયાના બલિદાનની જુબાની આપવા; અને સબુતમાં એ એનું એક અતિ કિંમતી પાન જાતે ઉઘાડી આપે છે અને તે છે 'માયાની વંશાવળી.'

વંશાવળી માટે વિશ્વવિખ્યાત ઇતિહાસવિદ્ મિસ સ્ટ્રિકલ્યાન લખે છે : 'વંશાવળી જે રીતે લખાયેલી હોય છે એ કદાપી કલ્પિત સમયથી લખાયેલી હોતી નથી, એ નિ:સંશય સાચી જ હોય છે અને એ મેં મારા ઇતિહાસ પરના અનેક અનુભવોથી તારવ્યું છે.'

### અમૂલ્ય દસ્તાવેજ :

જેમના પૂર્વજોએ જીવની પેઠે જાળવેલી અને વંશપરંપરાગત તેમના વારસદારોને વારસામાં આપેલી 'માયાની વંશાવળી' આપણને મળે છે : અઘારા તુરી- બારોટ શ્રી રામાભાઈ જામાભાઈના ચોપડામાંથી. દલપત શ્રીમાળી નોંધે છે કે, માયાની વંશાવળી એ તો ઇતિહાસ માટે અમૂલ્ય દસ્તાવેજ, એની કોટોસ્ટેટ કોપી તો મુશ્કેલીને કારણે લઈ શકાય નહીં, પરંતુ શ્રી રામાભાઈ જાતે જ તેમના હસ્તાક્ષરમાં ચોપડામાંથી વંશાવળીનો ઉતારો કરી આપે તો ઉત્તમ. એ ગણતરીએ મેં એમને આગ્રહ કર્યો. આંખે ભળાય નહીં, એટલે જાણે કે અંધારામાં વાવલાં વેણતા હોય એ રીતે ધ્રૂજતી કલમે વંશાવળીના આટલા લખાણનો કીત્તાથી ઉતારો કરતાં ખાસ્સા અઢી કલાક લાગ્યા. લખાણ પૂરું કર્યે એમની સહી સાથે સંવત, તિથિ અને વાર પણ લખાવ્યો. આજે આપણે સૌ ધન્ય બન્યા છીએ. માયાનો ઈતિહાસ મેળવીને અને એ માટે ઋણ સ્વીકારીએ એ વહીવંચાઓનો કે જેમણે માયાને જીવતો રાખ્યો.

દરેક ભારતીય સમાજને તેની લોકસંસ્કૃતિનો ઇતિહાસ કંઠસ્થ પરંપરાએ જીવંત રહ્યો છે તેમ મેઘવાળ સમાજને તેની લોક સંસ્કૃતિની યશોગાથા, કીર્તિકથાઓ લોકકંઠે વહેતી રહી છે. આ સમાજના બારોટ કવિઓ સીતારી, રાવણહથો, સારંગીના તાલે લોકસમાજમાં વહેતો રાખ્યો છે. તેમાં મેઘવાળ સમાજની આંતરચેતનાને ડો. નાથાલાલ ગોહિલે વિસ્તારથી 'ગુજરાતની આંતર ચેતના' ભાગ ૧ અને ૨ માં પ્રગટ કરેલ છે. આ ગ્રંથ મેઘવાળ સમાજનો સાંસ્કૃતિક દસ્તાવેજ છે તેમાં વીરમેઘમાયાની યશોગાથા વિસ્તારથી પ્રગટ કરેલ છે.

આ માત્ર લોકકથા નથી, ઇતિહાસમાં નોંધાયેલી સત્યઘટના છે તે કાળે સહસ્ત્રલિંગ તળાવમાં જશમા ઓડણના શ્રાપથી પાણી રહેતું નહીં. આ સમયે બ્રહ્મ જ્યોતિષીઓના કહેવા પ્રમાણે મેઘવાળ સમાજ આ બત્રીસ લક્ષણા વીરમેઘમાયાનું બલિદાન અપાવુંને બદલામાં રાજા સિદ્ધરાજે આ અછૂત સમાજને ગામમાં રહેવાનો અધિકાર આપ્યો, કેડેથી ઝાંખરું છોડાવ્યું, ગળેથી ફૂલડી કઢાવી, પીપળોને તુલસીની પૂજા તેમજ ગાયને પૂજવાનો અધિકાર આપ્યો તેથી આ કથા સંસ્કૃતિનો, સામાજિક અને ધાર્મિક દસ્તાવેજ બની રહેલ છે.

**સંદર્ભનોંધ :**

૧.'બુદ્ધિપ્રકાશ ' :એપ્રિલ - ૧૯૬૪ પૃ.૪૨
૨.'મેઘમાયાનું ભવ્ય બલિદાન' , પુસ્તકની પ્રસ્તાવનામાંથી
૩.'માયાની મહાનતા ' નામે નાટ્યકૃતિમા લખેલી પ્રસ્તાવનામાંથી પૃ.૪૫
૪.'હરિજન સંત અને લોકસાહિત્ય' (કંઠસ્થથી ગ્રંથસ્થ) દલપત શ્રીમાળી પૃ.૪
૫.'ગુજરાતની આંતરચેતના' (ભાગ - ૨),ડો.નાથાલાલ ગોહિલ પૃ.૮૦૯